ફોજદારી કેસ નંબર

***આંક–૧ લગત હુકમ***

હાલના કામે રજુ ટ્રાફીક ઇ–ચલણ ધ્યાને તથા વંચાણે લેતા ઈ–ચલણ માં ગુન્હો સને ૨૦૨૧–૨૨ માં બનેલ છે અને તેમાં દંડની રકમ દર્શાવવામાં આવેલ છે. તેમજ ચલણમાં ફકત નામ નોંધેલ છે તે સિવાય કોઈ હકીકતો નોંધવામાં આવેલ નથી.

ફોજદારી કાર્યરીતી સંહાતીની કલમ–૪૬૮ ની જોગવાઇ કે જે બાધ માટેની મુદ્દત વીતી ગયા પછી ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવાને બાધ સંબંધેની છે. તે લક્ષમાં લેતા, જો ગુનો માત્ર દંડને પાત્ર હશે તો છ મહીના પછી, ગુન્હો એક વર્ષ સુધીની કેદ ને પાત્ર હોય તો એક વર્ષ પછી તથા ગુન્હો એક વર્ષથી વધુ પણ ત્રણ વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર હોય તેમાં ત્રણ વર્ષ પછી ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાતી નથી.

સદરહુ ટ્રાફીક ઇ–ચલણમાં મોટર વ્હીકલ એકટની કલમના ભંગ બદલ દંડની તથા સજાની જોગવાઇ કરવામાં આવેલ છે. ફોજદારી કાર્યરીતી સંહાતીની કલમ ૪૬૮(૨) વાંચતા હાલના કામે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાતી નથી. **જે લગત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા તારીખઃ–૦૨–૦૯–૨૦૨૪ ના રોજ રૂપસિંહ વસાવા વિરૂધ્ધ ગુજરાત રાજ્યના ચુકાદા માં સ્પેશીયલ ફોજદારી કેસ નંબર ૩૫૬૦–૨૦૧૬ માં પેરા નંબર ૧૮ માં જણાવવામાં આવેલ છે**. વધુમાં ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૪૬૯ માં સમય મર્યાદાની મુદ્દતની શરૂઆત અંગે જણાવવામાં આવેલ છે. સદરહુ કામે પોલીસને ગુન્હાની તારીખે જ જાણ હતી કે મુદત બાધ અંગેની ગણતરી જે દિવસે ગુન્હા અંગે જાણ થઈ તે દિવસે પુરૂ થયાના બીજા દિવસથી ગણતરી કરવાની રહે છે. વધુમાં સબબ કામે વિલંબ માટે કોઈ ન્યાયીક તેમજ વાજબી કારણ જણાવવામાં આવેલ નથી કે વિલંબ દરગુજર કરવા કોઈ વ્યાજબી કે ન્યાયીક કારણ દર્શાવતી અરજી પોલીસ દ્રારા કરવામાં આવેલ નથી.

જે તમામ હકીકત તથા સંજોગોને ધ્યાને લેતા ટ્રાફીક ઇ–ચલણમાં મોટર વ્હીકલ એકટની કલમના ભંગ બદલ દંડની તથા સજાની જોગવાઇ તથા ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૪૬૮(૨) સાથે વાંચતા હાલના કામે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાતી ન હોઈ, જેથી હાલનો ફોજદારી કેસ ફાઈલે કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧મી જુલાઇ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૧–૦૭–૨૦૨૬
સ્થળઃ મહેસાણા

**(( સૌરભ બીપીનચંદ્ર શાહ ))**
૩ જા એડી.ચીફ.જયુ.મેજી.મહેસાણા.
UIC No.GJ00946